સુચનાઓ : ⊙ આ પ્રશ્નપત્રમાં કુલ **પાંચ** *(A, B, C, D, E)* વિભાગ છે અને *49* પ્રશ્નો છે.

⊙ બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.

⊙ પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.

⊙ પ્રશ્નની સૂચના પ્રમાણે ઉત્તર લખો.

⊙ નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

## વિભાગ - A

**નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :** *[પ્રત્યેકનો 1 ગુણ]* **10**

**1.** કોના મતે, 'વિચારણા એક પ્રતીકાત્મક સ્વરૂપની વિચારાત્મક પ્રક્રિયા છે.' ?

[A] સિલ્વરમૅન [B] સેન્ટ્રોક [C] વૉરેન [D] સિકારેલી અને મેયર

**2.** સંકલ્પના માટે કઈ બાબતો મહત્ત્વની છે ?

[A] લચિકતા અને મૌલિકતા [B] પૃથક્કરણ અને વિષમતા [C] સમસ્યા અને લક્ષ્ય [D] તર્ક અને વિતર્ક

**3.** કયા મનોવૈજ્ઞાનિકે પોતાના પ્રયોગમાં જણાવ્યું છે કે "જો વિગતોના સંકેતો પૂરા પાડવામાં આવે, તો ઘણી બધી બાબતો સ્મૃતિમાં આવી શકે છે"?

[A] ડેલેન બેક [B] એન્ડેલ ટુલવિંગ [C] મિલ્ટન [D] એબિંગ હોસ

**4.** ટૂંકા ગાળાની સ્મૃતિને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

[A] દશ્ય સ્મૃતિ [B] ધ્વનિ સ્મૃતિ [C] તાત્કાલિક સ્મૃતિ [D] સ્મૃતિ અવરોધ

**5.** કોના મત મુજબ "ભાષા અને વિચારના ઉદ્દ્ગમો જુદા જુદા હોય છે" ?

[A] બેન્જામિન લી વ્હોર્ફ [B] લેવ વાયોગોત્સકી [C] જીન પિયાજે [D] નોઆમ ચોમસ્કી

**6.** 'બાળક એકાક્ષરી' શબ્દ બોલતાં ક્યારે શીખી જાય છે ?

[A] આપેલ પૈકી એક પણ નહિ [B] છ માસની ઉંમરે [C] અઢાર–વીસ માસની ઉંમરે [D] બાર માસની ઉંમરે

**7.** શારીરિક દોષના આધારે વાતપ્રકૃતિ, પિત્તપ્રકૃતિ અને કફપ્રકૃતિ એમ ત્રણ પ્રકારો કોણે પાડ્યા છે ?

[A] આપેલ પૈકી એક પણ નહિ [B] ભારતીય દર્શનશાસ્ત્ર [C] ગ્રીક વૈદ્ય હિપોક્રેટિસ [D] ચરકસંહિતા

**8.** મનોવિજ્ઞાનની હાલતી ચાલતી પ્રયોગશાળા એટલે શું ?

[A] મુલાકાત [B] ઉદ્દીપક નિયંત્રણ [C] પ્રયોગ [D] 'સ્વ' નિરીક્ષણ

**9.** દષ્ટિકેન્દ્ર ક્યાં આવેલું છે ?

[A] નિમ્ન કપાલખંડ [B] મગજ સ્કંધ [C] લંબચેતા [D] પશ્ચ કપાલખંડ

**10.** સાંવેદનિક–કારક તબક્કો કયા વર્ષમાં જોવા મળે છે ?

[A] બાર વર્ષ પછી [B] સાતથી બાર વર્ષ [C] જન્મથી બે વર્ષ [D] બેથી સાત વર્ષ

## વિભાગ - B

**નીચેના પ્રશ્નોના એક–બે વાક્યોમાં ઉત્તર આપો :** *[પ્રત્યેકનો 1 ગુણ]* **8**

**11.** 'નિયંત્રણ' એટલે શું ?

**12.** 'મુલાકાત' એટલે શું ?

**13.** બોધાત્મક પ્રક્રિયા કોને કહેવાય ?

**14.** પુખ્ત વ્યક્તિના મગજનું વજન કેટલું હોય છે ?

**15.** જે. પી. ગિલફર્ડે વિચારણાના કયા બે પ્રકાર દર્શાવ્યા છે ?

**16.** 'સળંગ પદ્ધતિ' કોને કહેવાય ?

**17.** ભાષાનો મૂળભૂત હેતુ કયો છે ?

**18.** વાર્તનિક અભિગમમાં કયા મનોવૈજ્ઞાનિકોનું મહત્ત્વનું પ્રદાન છે ?

## વિભાગ - C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો : *[પ્રત્યેકનો 2 ગુણ]*** **8**

**19.** ટૂંક નોંધ લખો : મુલાકાત પદ્ધતિના લાભ

**20.** 'ઘટનાત્મક સ્મૃતિ' કોને કહેવાય ?

**21.** ટૂંક નોંધ લખો : મોર્ફીમ (Morpheme)

**22.** TAT (વિષય અધિપ્રત્યક્ષ) કસોટી કોણે રચી ?

**અથવા**

ટૂંક નોંધ લખો : પ્રત્યાયન પ્રક્રિયા અને સ્વરૂપ

## વિભાગ - D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર આપો : *[પ્રત્યેકનો 3 ગુણ]*** **12**

**23.** ક્ષેત્ર નિરીક્ષણ એટલે શું ? મનોવિજ્ઞાનમાં તેનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

**24.** તર્કક્રિયાનું સ્વરૂપ અને પ્રકારો સદૃષ્ટાંત સમજાવો.

**અથવા**

ટૂંક નોંધ લખો : પ્રક્ષેપણ પદ્ધતિઓ

**25.** ટૂંક નોંધ લખો : લાંબા ગાળાની સ્મૃતિ

**26.** 'સ્વ' નિયમનની મનોવૈજ્ઞાનિક પ્રવિધિઓ સમજાવો.

## વિભાગ - E

**નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો : *[પ્રત્યેકનો 5 ગુણ]*** **12**

**27.** સ્વયંસંચાલિત ચેતાતંત્ર સમજાવો.

**અથવા**

લાંબા ગાળાની સ્મૃતિના પ્રકારો સમજાવો.

**28.** વિસ્મરણની વ્યાખ્યા આપી તેના નિર્ધારકોની સમજ આપો.

**29.** ભાષાનાં વિવિધ પાસાઓની સમજૂતી આપો.